# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SOMNATH SWABHIMAN PARV

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે આજથી 11 જાન્યુઆરી સુધી "સોમનાથ સ્વાભિમાન પર્વ"નો આરંભ થયો છે. કેન્દ્રીય મંત્રી  ગજેન્દ્રસિંહ શેખાવત, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં શંખનાદ સાથે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નો શુભારંભ થયો. આ સાથે સોમનાથ મંદિર પરિસરમાં 72 કલાકના અખંડ ઓમકાર જાપનો ભવ્ય પ્રારંભ થયો છે.

આ મહોત્સવ માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ સોમનાથના એક હજાર વર્ષના સંઘર્ષ, બલિદાન અને પુનઃનિર્માણની અપ્રતિમ ગાથાને નવી પેઢી સુધી પહોંચાડવાનું એક માધ્યમ છે. આ પર્વમાં જોડાવા માટે રાજ્ય સરકાર દ્વારા ચાર મહાનગરોથી વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી છે. જેના ભાગરૂપે આજે શ્રદ્ધાળુઓ રાજકોટથી વિશેષ ટ્રેન દ્વારા સોમનાથ રેલવે મથકે પહોંચ્યા હતા. 'હર હર ભોલે' અને 'જય સોમનાથ'ના ગગનભેદી નાદથી સમગ્ર સ્ટેશન પરિસર ગૂંજી ઉઠ્યું હતું. વિશેષ ટ્રેનથી સોમનાથ પહોંચેલા એક શ્રદ્ધાળુએ પ્રતિક્રિયા આપી.

(બાઈટ  :  દીપકભાઈ દવે(રાજકોટ)

. . . . . . . . . . . . .

# CM DHOLESHWAR

સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 72 કલાકના સામૂહિક ઓમકાર નાદનો ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ મંદિરથી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, ભવ્ય સોમનાથ મંદિર આપણી અતૂટ શ્રદ્ધા-આસ્થા અને સામૂહિક શક્તિનું પ્રતીક છે. આપણી વિરાસત અને અસ્મિતાના ગૌરવને સામૂહિક ઓમકારનાદથી વધુ ઉજાગર કરવા પણ શ્રી પટેલે અનુરોધ કર્યો.

. . . . . . . . . . . . .

# SABARMATI VERAVAL TRAIN

'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી અંતર્ગત અમદાવાદના સાબરમતી રેલવે મથકેથી વેરાવળની વિશેષ ટ્રેનને સાંસદ દિનેશ મકવાણા, મેયર પ્રતિભા જૈને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ વિશેષ ટ્રેનમાં કુલ એક હજાર 292 યાત્રાળુઓએ પવિત્ર સોમનાથની યાત્રાનો આરંભ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# SWANIDHI AWARD

ગાંધીનગર ખાતે શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં "સ્વનિધિ વર્કશોપ અને પુરસ્કાર સમારોહ યોજાયો. સમારોહમાં "પીએમ સ્વનિધિ યોજના"ના લાભાર્થીઓને લોન સહાય અને ક્રેડિટ કાર્ડના મંજૂરી

પત્રો એનાયત કરાયા. દરમિયાન શ્રી દેસાઇના હસ્તે સ્વદેશી વસ્તુઓના પ્રોત્સાહન માટે "સર્જનથી સમૃદ્ધિ સુધી–આત્મનિર્ભર સખી" લોગો લોન્ચ કરાયો. ઉપરાંત ગુજરાત શહેરી આજીવિકા મિશનની નવી વેબસાઈટનો પણ શુભારંભ કરાયો.

કાર્યક્રમમાં પીએમ સ્વનિધિ યોજનાના શ્રેષ્ઠ અમલીકરણ માટે મહાનગરપાલિકા-નગરપાલિકાઓને પુરસ્કાર પણ એનાયત કરાયા. જેમાં મેગા સિટી શ્રેણીમાં અમદાવાદ મહાનગરપાલિકાએ પ્રથમ અને સુરત મહાનગરપાલિકાએ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે, મેજર સિટી શ્રેણીમાં ભાવનગર મહાનગરપાલિકાએ પ્રથમ, જામનગર મહાનગરપાલિકાએ બીજો અને જૂનાગઢ મહાનગરપાલિકાએ ત્રીજો ક્રમ મેળવ્યો હતો. ઉપરાંત નગરપાલિકામાં હિંમતનગર નગરપાલિકાએ પ્રથમ, મહુવાએ બીજો અને પેટલાદે ત્રીજો ક્રમ હાંસલ કર્યો.

. . . . . . . . . . . . . .

# JAMNAGAR CONFERENCE

દેશની વિવિધ કંપનીઓના કર્મચારીઓ, વિસ્તારના લોકો માટે કાર્યરત હોસ્પિટલોના ભારતીય વ્યાવસાયિક આરોગ્ય મંડળની 76મી રાષ્ટ્રીય પરિષદ ઓક્યુકોનનો જામનગરમાં આરંભ થયો છે. 10 જાન્યુઆરી સુધી યોજાનારી આ પરિષદ દરમિયાન વ્યાવસાયિક આરોગ્ય સુરક્ષા, સુખાકારીનું મંથન, ભાવિ પડકારોનું માર્ગદર્શન અને ભાવિ ઉકેલોનું ઘડતર અંગે ચર્ચા થશે. આ પરિષદમાં 44 મહેમાન વક્તાઓના સત્રો, પાંચ મુખ્ય પ્રવચનપત્રો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞો દ્વારા 7 માર્ગદર્શન

વક્તવ્યો અને 106 સંશોધનપત્રો રજુ થશે. આ અંગે આયોજક ડૉક્ટર રૂપારેલીયાએ વધુ માહિતી આપી.

(બાઈટ: ડો. રૂપારેલીયા ( આયોજક )

. . . . . . . . . . . . . .

# MAHISAGAR SAHAY

મહીસાગર જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને 95 ટકા સહાય ચૂકવવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લામાં પાક નુકસાની સહાય મેળવવા માટે કુલ 59 હજાર 408 ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી હતી વહીવટી તંત્ર દ્વારા સર્વે અને ચકાસણી બાદ અત્યાર સુધીમાં 57 હજાર ખેડૂતોની અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરી જિલ્લાના ખેડૂતોના ખાતામાં કુલ 135 કરોડ 28 લાખ રૂપિયાની સહાય જમા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# AMBAJI PRASAD

અંબાજી મંદિરના પ્રસાદ હવે ઘરે બેઠા મંગાવી શકાશો. આ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો માટે એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે. ટ્રસ્ટની વેબસાઇટ www.ambajitemple.in પર 'અંબાજી પ્રસાદમ કીટ' નામની એક કીટ લોન્ચ કરાઇ છે. આ કીટમાં મોહનથાળ, ચીકી, કંકુના

પાઉચ, ચુંદડી, રક્ષા પોટલી અને માતાજીનો થ્રીડી ફોટો સામેલ છે. અગાઉ પણ અંબાજી મંદિરનો પ્રસાદ ભક્તોને ઓનલાઈન ઓર્ડર પર મળતો હતો. પણ તે કુરિયર દ્વારા પહોચતો હતો ને જે ગામડામાં કુરિયર ન પહોચતા હોઈ મંદિર ટ્રસ્ટે પોસ્ટ ઓફિસ સાથે સમજૂતી કરાર -એમઓયુ કર્યા છે.

. . . . . . . . . . . . .